

## અંબાજી શક્તિપીઠ આસપાસના માર્ગો પર નદીઓમાં પાણીની આવક

શક્તિપીઠ અંબાજી ગુજરાત નું પ્રાચીન તીર્થ છે આ ધામ ગુરુવારે બંધ રહેવા પામ્યુ હતુ અને અંબાજીની જનતા જમવાનું વનમાં લઈ જઈ વન ભોજન કર્યુ હતુ. ત્યારબાદ શક્તિપીઠ અંબાજીમાં ભારે વરસાદ આવ્યો હતો અને અંબાજીવાસીઓનો બંધ સફળ રહેવા પામ્યો હતો. ત્યારબાદ અંબાજી ગામના માર્ગો પર પાણી ફરી વર્યા હતા અને આજે પણ સવારથી મેહુલીયો ઝરમર વરસી રહ્યો છે. અંબાજીથી આસપાસના માર્ગો પર અરાવલીના પહાડોમાં નદી નાળા પાણીથી છલકાઈ ગયા હતા. અંબાજી તરફની નદીઓમાં પણ પાણીની આવક થઈ હતી.

# યાત્રાધામ સુંધાજીમાં પાણીનો ધોધ વધતા પાણી મંદિર સુધી પહોંચ્યું

## યાત્રાળુઓ અટવાયા, પાણી ઓસરતાં તમામ યાત્રાળુઓ સુરક્ષિત પોતાના વતન પહોંચ્યા : તંત્રની સાથે સાથે લોકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો

યાત્રાધામ સુંધાજીમાં ભારે વરસાદના કારણે મોટી સંખ્યા માં યાત્રાળુઓ અટવાયા હતા અને તે પડતા પાણીના કારણે લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બે દિવસથી રાજસ્થાનના ના તમામ વહેણ ચાલુ થઈ ગયા છે ત્યારે ગત રાત્રે સુંધાજી ના પર્વતો પરથી પાણી નું વહેણ શરૂ થઈ ગયું પ્રવાહ ને લઈ મોટી સંખ્યા માં યાત્રાળુઓ અટવાયા હતા તે બાદ આજે વરસાદ ઓછો થતા પાણી પર્વતો પરથી પડતું પાણી લોકો ના કાળજા ધુજવી રહ્યુ છે ત્યારે હવે સુંધાજી ના તમામ યાત્રાળુઓ





બાદ પાણી ઓસરતાં તમામ યાત્રાળુઓ સુરક્ષિત પોતાના વતન પહોંચ્યા હતા ત્યારે પહાડોમાંથી યાત્રાધામ સુંધાજીમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે અને વરસાદ ને લઈ સુંધાજી આજુબાજુ હતું મંદિર સુધી પાણી પહોંચી જતા યાત્રાળુઓ ના જીવ તાળવે ચોંટી ગયા હતા અને વધુ પડતા પાણી ન ઓસરયુ હોવાથી યાત્રાળુઓ પોતાનો જીવ બચાવી પોતાના વતન પહોંચ્યા હતા અને આજે પણ સુરક્ષિત પોતાના વતન પહોંચી જવાથી તંત્ર ની સાથે સાથે લોકોએ પણ રાહત નો શ્વાસ લીધો હતો.

# અરવલ્લી જિલ્લામાં બીજા દિવસે મેઘરાજાની હેલી યથાવત

## બાયડનો લાંક ડેમ ઓવરફ્લો થતા ૩૦૦૦ હજાર ક્યુસેક પાણી છોડાયું


બાયડ, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાની ઝાપટા અને ધોધમાર વરસાદરૂપી અવિરત હેલી યથાવત રહેતા ખેડૂતો સહીત જીલ્લાવાસીઓમાં આનંદ છવાયો હતો. ગુરુવારની રાત્રીએ ધોધમાર વરસાદ ખાબક્યો હતો શુક્રવારે સવારે મેહુલિયાએ વિરામ લીધા બાદ ફરી માલપુર અને મોડાસા સહીત જીલ્લાના અનેકવિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. બાયડના લાંક ડેમ સતત પાણીની આવક વધતા ૩૦૦૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું અને નદી કિનારે વિસ્તારોને એલર્ટ કરાયા હતા. મોડાસાના ચારણવાડામાં વીજળી પડતા ભેંસનું મોત નીપજ્યું હતું. બાયડના સાઠંબા ગામમાં એક કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબકતા જનજીવન પ્રભાવિત બન્યું હતું.

અરવલ્લી જીલ્લામાં મેઘમહેર



યથાવત રહેતા સાર્વત્રિક વરસાદ થતા ભૂમિપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સતત બે દિવસથી પડતા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જીલ્લામાં ૨૪ કલાકમાં મોડાસા પંથકમાં ૪ ઈંચ, ભિલોડામાં ૫ ઈંચ, મેઘરજમાં ૩ ઈંચ, માલપુરમાં ૨.૫ ઈંચ, બાયડમાં ૩ ઈંચ અને ધનસુરામાં ૫ ઈંચ વરસાદ ગુરુવારે ૫ વાગ્યા સુધી નોંધાયો હતો. બાયડ તાલુકાનો લાંક ડેમ ઓવરફ્લો થતા ડેમના ૫ દરવાજા ૫ સેમી ખોલાયા હતા અને લાકડેમમાંથી ૩૦૦૦ ક્યુસેક પાણી છોડાયું હતું. ધામણી નદીના કિનારાના લાંક ધીરપુરા ડેમાઈ વાટડા અને કાવઠ ગામોને સાવચેત રહેવા તંત્ર દ્વારા એલર્ટ કરાયા હતા અને પ્રજાજનોને નદી કિનારે કપડાં ધોવા કે ઢોર ચરાવવા નહીં જવા સૂચના આપવામાં આવી હતી. ભિલોડાની હાથમતી નદીમાં પૂર આવતા ફરીથી કામઠીયા અને બોલુન્દ્રા કોઝવે પર પાણી ફરી વળતા ૧૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. માલપુરમાં બપોરના સુમારે ધોધમાર વરસાદ ખાબકતા નગરના રસ્તાઓ નદીમાં ફેવાયા હોય તેમ રસ્તાઓ પરથી પાણી વહેવા લાગ્યું હતુ અરવલ્લી જીલ્લામાં વરસાદ ધીમીધારે અને ધોધમાર વરસાદ યથાવત રહેતા વાતાવરણમાં સહિત લહેર પ્રસરી હતી.



## ભિલોડા તાલુકાના સુનસર ગામના ડુંગરોમાંથી ધોધ વરસ્યો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં સાર્વત્રીક મેઘમહેર વચ્ચે ખુશીનો માહોલ સર્જાયો છે.ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ શેર ગામ સુનસર પાસે ધરતી માતાના મંદીર સામે ડુંગરોમાંથી કુદરતી રીતે ખલ-ખલ શુધ્ધ ચોખ્ખા પાણીના ઝરણા વહેતા થઈ ગયા છે.પ્રકૃતિ પ્રેમીઓ ઝરણાનો ધોધ નિહાળી આનંદ માણી રહ્યા છે.ડુંગરાળ વિસ્તારોમાં લીલી ચાદર પથરાઈ હોય તેવી રીતે ડુંગરોની સુંદરતા સોળે કળાએ ખીલી ઉઠી છે.સુનસર પાસે કુદરતનો નજારો જોવા પ્રજાજનો દુર-દુરથી આવે છે.ધાર્યું ધણીનું થાય તેમ ક્યાંક ને ક્યાંક કુદરત હોવાનો અહેસાસ લોકોને જોવા મળી રહ્યો છે.

# પાલનપુર નગરપાલિકાના પ્રિ-મોન્સૂન પ્લાનની પોકળતાનો પર્દાફાશ

## ખુદ પાલિકા કચેરી જ પાણીમાં : ઠેરઠેર ભુવા પડતા નગરજનો ત્રાહિમામ

પાલનપુર, તા. ૨૦

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ગુરુવારથી



મેઘરાજાના બીજા રાઉન્ડનો પ્રારંભ થયો છે. ત્યારે જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં પણ વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યા બાદ દિવસ દરમિયાન સમયાંતરે હળવાથી ભારે વરસાદી ઝાપટા પડ્યા હતા. જેના પગલે નગરપાલિકા માર્ગ સહિત નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં પાલિકાના પ્રિ- મોન્સૂન પ્લાનની પોકળતાનો પર્દાફાશ થઈ ગયો હતો.

સરહદી બનાસકાંઠામાં ગુરૂવારે વરસાદના બીજા




રાઉન્ડનો પ્રારંભ થયો હતો. ત્યારે પાલનપુરમાં પણ દિવસ દરમિયાન ચોમાસાનો માહોલ જામ્યો હતો. જોકે, પાલનપુરમાં માત્ર પોણા ઈંચ વરસાદએ પાલિકાની પોલ ખોલી દીધી હતી. પાલનપુર નગર પાલિકાના પ્રવેશ દ્વાર સહિતના માર્ગ પર વરસાદી પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. પાલનપુર નગરપાલિકા કચેરીએ જવાનો મુખ્ય માર્ગ જ વરસાદી પાણીથી ભરાઈ ગયો હતો. ત્યારે ખુદ પાલિકા કર્મીઓને પાણી નિકાલ માટે ચાલુ વરસાદે કામે લાગવું પડ્યું હતું. આમ, ખુદ પાલિકા જ પાણીમાં બેસી જતા



લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

પાલનપુરમાં પાલિકા માર્ગ, શાક માર્કેટ, કીર્તિસ્થંભ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સામાન્ય વરસાદને પગલે શહેરમાં કાદવ કિચ્ચડ ફેલાતા લોકોએ પાલિકાના કથિત પ્રિ-મોન્સૂન પ્લાન સામે સવાલો ઉઠાવતા પાલિકાના અણઘડ વહીવટ સામે રોષ ઠાલવ્યો હતો.

### પાલિકાની પોલ ખોલતા ભુવાઓ

પાલનપુરમાં સામાન્ય વરસાદે પાલિકાની ક્ષતિઓને ઉજાગર કરી હતી. વરસાદ દરમિયાન આઈ.ટી.આઈ.કોલેજ સહિત મેવાડા શાળા સામે ભૂવો પડવા સાથે રોડ બેસી ગયાના બનાવો સામે આવ્યા હતા. આમ, લાખો રૂપિયાના આંધણ બાદ વિકાસના કામોમાં પાલિકા દ્વારા થયેલી ધુપ્પલબાજી સામાન્ય વરસાદને પગલે ખુલ્લી પડી ગઈ હતી.

# મોડાસાની માણેકબાગ સોસાયટીમાં વરસાદી પાણી ભરાતા રોગચાળાની ભીતિ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે ગટરોનું નિર્માણ કરવામાં આવ્યા છતાં વરસાદી પાણી ભરવાની સમસ્યા ઠેર ને ઠેર જોવા મળી રહી છે. માણેકબાગ સોસાયટીમાં કેટલાક પ્લોટ ધારકોએ વરસાદી પાણીનું વહેણ અકટાવતા મકાન નં - ૧૬૩ થી ૧૬૯ તથા ૧૫૧ થી ૧૫૮ નંબરના મકાનો વચ્ચે વરસાદી પાણી ભરાઈ રહેતા કાદવ-કીચડથી ગંધાઈ ઉઠે છે અને મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો ભોગ બનવું પડી રહ્યું છે. વરસાદી ગંદા પાણીમાંથી પસાર થવું પડતું હોવાથી બાળકો અને અબાલ વૃદ્ધ સૌ કોઈ ચામડીના રોગથી પીડાઈ રહ્યા છે. નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને વારંવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં યોગ્ય નિરાકારણના બદલે હૈયાધારણા આપી જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન થઈ રહ્યો હોવાનો સોસાયટીના રહીશો અનુભવી રહ્યા છે. સોસાયટીમાં મંજુર થયેલી વરસાદી પાણીની ગટર પણ અન્ય માણેકબા સોસાયટીની અન્ય લાઈનમાં નાખી દઈ અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો અને કેટલાક ઈસમો દ્વારા રસ્તાને લઈને વરસાદી પાણીનો નિકાલ અટકાવી દેવામાં આવ્યો હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ કરવામાં આવતા નગરપાલિકાની "એકને ગોળ અને બીજાને ખોળ" આપવાની ભેદભાવભરી નીતિથી લોકમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે અને વરસાદી પાણીનો નિકાલ નગરપાલિકા તંત્ર નિષ્ફળ રહેશે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની કરવાની ચીમકી ઉચ્ચારી હતી.



### મેઘરજના રમાડ ગામે શ્રમદાનથી બનાવેલ

# ચેકડેમમાં પાણી ભરાતાં ગાબડુ પડતા પ્રજાજનો ચિંતિત





અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારના રમાડ ગામે વાત્રક નદી ઉપર પાણીના સંગ્રહ માટે ચેકડેમ બનાવવા ગ્રામજનોએ વારંવાર રજુઆતો કરી હતી પરંતુ તંત્રના પેટમાંથી પાણી પણ ન હલતા અંતે ગામજનોએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં શ્રમદાન ધ્વારા ચેકડેમના નિર્માણનુ કાર્ય હાથ ધર્યુ હતુ. જેમાં તંત્ર દ્વારા શ્રમદાન કરનાર લોકોને કોઈપણ જાતની સહાય ન મળતા ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો તેમ છતા ગ્રામજનોએ શ્રમદાન કરી નવા ચેકડેમનુ નિર્માણ કર્યુ હતુ. જે ચેકડેમમાં ગુરૂવારના રોજ પડેલ વરસાદથી નદીમાં ચોમાસાના નવા નીર આવતા પાણીના ધસમસતા પ્રવાહથી ચેકડેમનો આગળનો પાયો કાચો હોવાથી શ્રમદાનથી બનાવેલ ચેકડેમમાં ગાબળુ પળ્યુ હતુ અને જેમાં થઈ હાલ પાણી વહી રહ્યુ છે અને સરકાર ધ્વારા કોઈપણ પ્રકારની સહાય કે મદદ ન મળતા ગ્રામજનોની શ્રમદાનની મહેનત પાણીમાં ગઈ હોવાની સ્થિતિ નિર્માણ પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જો સરકાર ધ્વારા ચેકડેમના નિર્માણ વખતે જો સહાય કે મદદ આપવામાં આવી હોત તો ચકડેમમાં ગાબળુ ન પડતુ અને પાણીનો સારો સંગ્રહ થવાથી ઉનાળામાં પાણીની સમસ્યા હલ થઈ શકતી.